કેસ દાખલ કર્યા તા. : ૧૦/૦૨/૨૦૨૫
કેસ નોંધ્યા તા. : ૧૦/૦૨/૨૦૨૫
ઠરાવ જાહેર કર્યા તા.: ૧૦/૦૩/૨૦૨૬
અવધિ : ૦૧ વર્ષ ૦૧ માસ ૦૦ દિવસ

ઓખામંડળના મહે. જયુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં
મુકામ :-ઓખામંડળ

ફોજદારી કેસ નં.૨૫૪/૨૦૨૪
**આંક-૧૨**

**શ્રી સરકાર,**
વિ રૂ ધ્ધ. ..... ફરીયાદી.
**ભુટાભા આશાભા માણેક,**
ધંધો: મજુરી,ઉ.વ.૫૮
રહે.મીઠાપુર ગામ,
તા.દ્વારકા,જી. દેવભૂમિ દ્વારકા. ..... આરોપી

---

ચાર્જ:- ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ - ૬૫ એફ મુજબ

---

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.પી.જે.માજીરાણા
બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી એમ.એ.ડાયાગ્રા

---

**-:: ઠ રા વ ::-**

## (૧) કેસની ટુંકમાં હકીકત:

બનાવની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૩૦/૧૨/૨૦૨૪ ના રોજ કલાક:૧૬/૧૫ વાગ્યે મોજે મીઠાપુર બાબલા કવાર્ટરમાં આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાનો

કાચો આથો લીટર ૫૦ કિં. રૂા.૧૨૫૦/–નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી ગુનો કરેલ હોય, સદર બનાવ સંબંધે આ કામના ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા,આરોપી વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫– એફ અન્વયેનો ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરિયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ તેમની તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, તેમની તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોકત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) **<u>ન્યાયીક કાર્યવાહી:</u>**

આ કામનાં આરોપીને સમન્સ ઈશ્યુ થતાં, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતાં, આરોપીને તેઓના બચાવ માટે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ તહોમતનામું આંક–૦૪ થી ફરમાવી,આરોપીની આંક–૦૫ પ્લી નોધવામાં આવતાં, આરોપીએ તેમની સામેનાં આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો. આ કામે ફરિયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ આરોપીનું બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ ફરિયાદ પક્ષના પુરાવાની હકીકતને નકારેલ છે અને જણાવેલ છે કે, તેમને સોગંદ ઉપર પુરાવો આપવો નથી, બચાવના સાહેદ તપાસવા માંગતા નથી અને વિશેષમાં જણાવેલ છે કે, ખોટો કેસ કરેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

**(૩)** ઉપરોકત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં. (૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ કલાક:૧૬/૧૫ વાગ્યે મોજે મીઠાપુર બાબલા કવાર્ટરમાં આ કામના આરોપીએ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં ગેર કાયદેસર રીતે વગર પાસ પરમીટે દેશી દારૂ બનાવવાનો કાચો આથો લીટર ૫૦ કિં. રૂા.૧૨૫૦/–નો મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન હાજર મળી આવી ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ.૬૫–એફ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં. (૨) શું હુકમ?

**(૪)** ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

| | |
|---|---|
| મુદદા નં. (૧) | ''નકારમાં,'' |
| મુદદા નં. (૨) | આખરી હુકમ મુજબ. |

**(૫)** **<u>મુદ્દા નં.:૧ ની ચર્ચા :</u>**

**(૫.૧)** આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં ફરીયાદપક્ષ દ્વારા પંચ સાહેદોને આંક–૦૬ તથા આંક–૦૯ થી તપાસતા તેઓએ આંક–૦૭ થી રજૂ મુદ્દામાલ રિકવરી ના પંચનામામાં માત્ર પોતાની સહી ઓ ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નહી હોવાથી, મુદ્દામાલ કબ્જે કરેલાનું પંચનામું

નિ:શંક પુરવાર થયેલ માની શકાય તેમ નથી. તેમજ આ કામે આંક–૧૦ થી ત.ક..અ. ડી.જી.ચાવડાની જુબાની રજુ થયેલ છે. જેઓએ પોતે કરેલ કાર્યવાહી મુજબની જુબાની આપેલ છે અને તેઓની ઉ. ત. માં તેઓએ જણાવેલ છે કે એ વાત ખરી છે કે મને તપાસના કામે મળેલ ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી.બનાવવાળા વિસ્તારમાં ઘણા બધા મકાનો આવેલ છે.

**–:: કા ર ણો ::–**

(૬) આ કામે મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું લખાવનાર બંને પંચ સાહેદોએ પંચનામામાં માત્ર તેમની સહીઓ ઓળખી બતાવેલ છે, તે સિવાય પંચનામાની કોઈ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, આરોપીના પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાંથી મુદ્દામાલ કબ્જે થયેલ હોવાની હકીકતનું પંચનામું નિ:શંક પુરવાર થતું નથી. આ તમામ સંજોગો ફરિયાદપક્ષના કહેવાતા બનાવ બાબતે શંકા ઉભી કરે છે. જયારે પંચ સાક્ષી પંચનામાને સમર્થન આપતા ના હોય ત્યારે શંકાનો લાભ આરોપીને મળવો જોઈએ. પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કથનોને આધાર આપ્યો નથી. જે કબ્જા ભોગવટામાંથી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ તે જગ્યા આરોપીના કબ્જા ભોગવટાની હતી તે સાબિત કરતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ નથી. ચાર્જશીટમાં જણાવેલ અન્ય તમામ સાહેદો પોલીસ સાહેદો છે. આમ જયારે મહત્વનાં પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપતા ના હોય ત્યારે માત્ર પોલીસ સાહેદોની જુબાની પર આધાર રાખી સ્વતંત્ર સાહેદોના માનવા લાયક પુરાવાના અભાવે આરોપીને તકસીરવાન ઠેરવી શકાય નહી.આમ ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુન્હોથી પર પુરવાર

કરવામાં સફળ રહેલ હોવાનું જણાય આવતું નથી. તેથી મુદ્દા નં. (૧) નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: આ ખ રી હુ ક મ ::**

**(૧)**આ કામનાં આરોપી **ભુટાભા આશાભા માણેકને**ને બી. એન. એસ. એસ.ની કલમ-૨૭૧ (૧) હેઠળ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ.૬૫ -એફ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** અપીલ સમય બાદ મુદ્દામાલ દેશી દારૂ બનાવવાના કાચા આથાનો નાશ કરવાનો હુકમ કરવા માં આવે છે.

**(૩)** આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧ મુજબ રૂા.૫૦૦૦/- ના જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૦ મી માહે માર્ચ સને- ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:ઓખામંડળ.
તા.૧૦/૦૩/૨૦૨૬

**(પંકજકુમાર શ્રીકૃષ્ણમુરારી રાય)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓખામંડળ.

**સ્ટેનોગ્રાફર:-રેખા.એ.ગોઢાણીયા.** (જજ કોડ નં.જીજે-૦૧૪૫૦)